ક્રમાંક/મહેકમ/ ૨/૫૦૦

કમિશનર કચેરી
(મહેકમ શાખા)
ભાવનગર મહાનગરપાલિકા
ભા વ ન ગ ર
તા.૨૦/૦૧/૨૦૨૫

વિષય:– **ભાવનગર મહાનગરપાલિકામાં સોશ્યલ મીડીયા હેન્ડલરની કામગીરી માટે કોમ્પ્યુટર શાખામાં કરાર આધારીત રોકવા બાબત.**

સંદર્ભ:– (૧) ભાવનગર મહાનગરપાલિકા પસંદગી સમિતિનું તા.૧૮/૦૧/૨૦૨૫ નું રોજકામ
(૨) સ્ટે. ક. ઠ. નં. ૪૨૮ તા. ૨૮/૧૧/૨૦૨૪

---

<u>હુ ક મ :–</u>

(૧) ભાવનગર મહાનગરપાલિકામાં સોશ્યલ મીડીયા હેન્ડલરની કામગીરી માટે કોમ્પ્યુટર શાખામાં કરાર આધારીત રોકવા માટે સ્થાનિક બહોળી પ્રસિધ્ધી ધરાવતા દૈનિક વર્તમાન પત્રમાં જાહેરાત આપી તા.૧૦/૦૧/૨૦૨૫ ના રોજ કમિશનર કચેરીમાં વોક ઈન ઈન્ટરવ્યું રાખવામાં આવેલ જેમાં શોર્ટલીસ્ટ કરેલ ઉમેદવારોનો તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ પ્રેકટીકલ ટેસ્ટ લેવામાં આવેલ હતો આ કરાર આધારીત જગ્યા ઉપર પસંદગી કરવા તા.૧૮/૦૧/૨૦૨૫ ના રોજ પસંદગી સમિતિ દ્રારા સંદર્ભ–(૧)ના રોજકામની વિગતે નીચે જણાવેલ ઉમેદવારને કોમ્પ્યુટર શાખામાં કરાર આધારીત સોશ્યલ મીડીયા હેન્ડલરની કરાર આધારીત જગ્યા ઉપર નિમણુંક આપવા ભલામણ થયેલ છે.

(૨) ઉપરોકત સંદર્ભ–(૧) તથા સંદર્ભ–(૨)ની વિગતે નીચે જણાવેલ ઉમેદવારનેસોશ્યલ મીડીયા હેન્ડલર અંગેની કાર્યવાહી માટે કોમ્પ્યુટર શાખામાં હાજર થયા તારીખથી ૧૧ (અગીયાર) માસ અથવા આ કામગીરી પુરી થાય તે બે માથી જે વહેલું હોય ત્યાં સુધી નીચેની શરતોને આધીન રોકવા આથી હુકમ કરવામાં આવે છે.

| ક્રમ | નામ | પ્રતિમાસ ફીકસ પગારની રકમ |
|---|---|---|
| ૧ | શ્રી અભિ મહેન્દ્રભાઇ વાઘેલા | રૂા.૪૦,૦૦૦/– |

**<u>:: શ ર તો ::</u>**

(૧) આ હુકમ મળ્યા તારીખથી દિવસ–૧૫ માં ફરજ પર હાજર થવાનું રહેશે. નિયત મુદતમાં હાજર નહી થયેથી તેઓની નિમણુંક રદ કરવામાં આવશે.
(૨) કરાર આધારીત કરવામાં આવેલ કામગીરી નિયમીત ભરતીમાં ગણાશે નહી.
(૩) કરારના સમય દરમ્યાન નિયત થયેલ માસિક ઉચ્ચક મહેનતાણું મળશે અને નિમણુંક કરારના ધોરણે ગણવામાં આવશે.
(૪) ઉભય પક્ષે એક માસની નોટીસ અથવા એક માસના મહેનતાણાની રકમ સાથેનો નોટીસ પગાર આપીને કરારનો અંત લાવી શકાશે.
(૫) માસિક ઉચ્ચક મહેનતાણા ઉપર કોઈપણ જાતના ભથ્થા મળવા પાત્ર થશે નહી અને ઉચ્ચક મહેનતાણામાં કોઈપણ પ્રકારનો વધારો કે ઈજાફો મળવા પાત્ર થશે નહી.
(૬) કરારના સમય દરમ્યાન મેડીકલ રીએમ્બર્સમેન્ટ કે કોઈપણ પ્રકારનાં અન્ય ભથ્થા મળવા પાત્ર થશે નહી.
(૭) કરારના સમય દરમ્યાન ઉમેદવારનું અવસાન થાય તો તેમણે બજાવેલ ફરજનાં સમયગાળાની ફીકસ વેતનની લ્હેણી રકમ તેના કુટુંબીજનોને મળવા પાત્ર થશે. પરંતુ બીજા કોઈ નાણાંકીય લાભો એકસગ્રેસીયા લાભ કે રહેમરાહે નોકરી જેવા આનુષાંગીક લાભો મળવા પાત્ર થશે નહી.
(૮) કરારની મુદત ૧૧ (અગિયાર) માસ અથવા આ કામગીરી પુરી થાય તે બે માંથી જે વહેલું હોય ત્યાં સુધીની રહેશે. અને તે મુદત પુર્ણ થયેથી આપોઆપ અંત આવેલો ગણાશે.
(૯) ભાવનગર શહેરમાં રહેણાંક રાખવાનું ફરજીયાત રહેશે. અને અધિકૃત સતા અધિકારીની પુર્વ મંજુરી સિવાય મુખ્ય મથક છોડી શકાશે નહી.
(૧૦) કરારના સમયગાળા દરમ્યાનની અસંતોષકારક કામગીરી કે અશિસ્ત બદલ કોઈપણ જાતની નોટીસ આપ્યા સિવાય કોઈપણ સમયે કરારનો અંત લાવી છુટા કરવામાં આવશે.
(૧૧) વ્યવસાયવેરાની કપાત નિયમોનુસાર ઉચ્ચક મહેનતાણામાથી કરી લેવાની રહેશે.

X:\TABLE-1\JUNRAL -1.docx195

કોમ્પ્યુટર વિભાગ
ઇન્વર્ડ નંબર 2662
તા. 22/01/2025

પ્રો સોશ્યલ ...
22/1

(૧૨) આ જગ્યા ઉપર તદન કામચલાઉ ધોરણે કરાર આધારીત ઉચ્ચક મહેનતાણાથી રોકાયેલ વ્યકિતને ભાવનગર મહાનગરપાલિકાનાં મંજુર મહેકમ પર સમાવિષ્ટ થવા માટે કોઈ હકક પ્રાપ્ત થશે નહી. અને તે અંગે ભવિષ્યમા કોઈ હકક, દાવો કરવાનો રહેશે નહી તે બાબતની લેખીત બાંહેધરી આપવાની રહેશે.

(૧૩) ઉપરોકત શરતો ઉમેદવારોને સ્વિકાર્ય છે, તે અંગેનું ધોરણસરના રૂા.૩૦૦/– ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ પત્રક રજુ કરવાનું રહેશે.

(૧૪) આ સબંધે ન્યાયીક ક્ષેત્ર ભાવનગર રહેશે.

(૧૫) આ કરારની કોઈપણ કે તમામ બાબતો અંગે કોઈપણં અર્થઘટનનો પ્રશ્ન ઉપસ્થિત થાય તો તે બાબતે બીજા પક્ષકારનાં કમિશ્નરશ્રીનો નિર્ણય આખરી રહેશે. અને તે પ્રથમ પક્ષકારને બંધનકર્તા અને સ્વિકાર્ય રહેશે.

કમિશનર
ભાવનગર મહાનગરપાલિકા
ભાવનગર

<u>નકલ જાણ તથા અમલ થવા :–</u>

(૧) શ્રી અભિ મહેન્દ્રભાઈ વાઘેલા

(૨) સચિવશ્રી, મહાનગરપાલિકા, ભાવનગર

(૩) કોમ્પ્યુટર વિભાગ...... આ કરાર આધારીત ઉમેદવારનું એગ્રીમેન્ટની તથા ફીકસ વેતનના બીલ બનાવવાની કાર્યવાહી કરવા તથા તેના ફીકસ વેતનનો ખર્ચ જુદી જુદી સેવાઓ આઉટસોર્સીગથી કરવા માટેના ખર્ચ હેડે ઉધારવા સારૂ.

(૪) ઓડીટ વિભાગ

(૫) ઈ.ડી.પી.મેનેજરશ્રી, કોમ્પ્યુટર વિભાગ.....ભાવનગર મહાનગરપાલિકાની વેબસાઈટ પર પ્રસિધ્ધ થવા સારૂ.